રાજ્યની નોંધાયેલ માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારા સમયે મેદાન
માટેની જોગવાઇ અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક-મશબ-૨૦૦૬-એમ-૬-છ,
સચિવાલય, ગાંધીનગર
તા.૪-૧૦-૨૦૦૭

વંચાણે લીધા:-

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો તા.૧૪-૮-૦૭નો પત્ર ક્રમાંક-મઉમશબ-ગ-૭૭૩૫

(૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની તા.૫-૭-૦૭ સામાન્ય સભાનો ઠરાવ ક્રમાંક-૬-૨૦૦૭

ઠ રા વ :-

આમુખ ક્રમાંક(૧) માં દર્શાવેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરના પત્ર અન્વયે રાજ્યની નોંધાયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ-વધારા સમયે મેદાન માટે નવી જમીન મેળવી શકાય નહી તેમજ વિદ્યાર્થીની સંખ્યા વધતાં ખાસ કરીને શહેરી વિસ્તારમાં મેદાનની જગા વધી શકતી નથી તે ધ્યાને લઇ શહેરી અને ગ્રામ્ય વિસ્તાર સહિત તમામ નોંધાયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે આ સાથેના પત્રક મુજબ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૯(૧૩)(૪) માં ફેરફાર કરવાનુ આથી સરકારશ્રીએ ઠરાવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

B.R.Thakkar
(બી.આર.ઠક્કર)
સેક્શન અધિકારી,
શિક્ષણ વિભાગ

પ્રતિ,
માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર (સબંધિતોને પરિપત્રિત કરવા વિનંતી સહ)
કમિશનરશ્રી, શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
સીલેક્ટ ફાઇલ/નાયબ સીલેક્ટ ફાઇલ

# શિક્ષણ વિભાગના તા.૪-૧૦-૦૭ના ઠરાવ ક્રમાંક-મશબ-૨૦૦૬-એમ-૬-છનુ બીડાણ

## પત્રક

| ક્રમ | વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઈ | સૂચિત નવી જોગવાઈ |
|---|---|---|---|
| ૧. | વિનિયમ-૯(૧૩)(૪) | દરેક રજિસ્ટર કરેલી શાળાએ વ્યવહાર્ય હોય એટલે સુધી, શાળાથી વ્યાજબી અંતરે દરેક ૨૫૦ વિદ્યાર્થીઓ દીઠ એક એકર લેખે રમત ગમતના મેદાન માટે જમીનની જોગવાઈ કરવી જોઈશે.<br>પરંતુ કારોબારી સમિતિ કેસના ખાસ સંજોગોમાં આ પેરેગ્રાફ હેઠળની જરૂરિયાત હળવી કરી શકશે. | દરેક રજિસ્ટર કરેલી શાળાએ વ્યવહાર્ય હોય એટલે સુધી, શાળાથી વ્યાજબી અંતરે દરેક ૨૫૦ વિદ્યાર્થીઓ દીઠ એક એકર લેખે રમત ગમતના મેદાન માટે જમીનની જોગવાઈ કરવી જોઈશે.<br>પરંતુ કારોબારી સમિતિ કેસના ખાસ સંજોગોમાં આ પેરેગ્રાફ હેઠળની જરૂરિયાત હળવી કરી શકશે.<br>- શાળાની નોંધણી સમયે રજૂ કરેલા રમતગમતના મેદાનનાં આધારોને ધ્યાને લઈ વર્ગ વધારાની મંજૂરી આપવી.<br>બોર્ડની તાસ ફાળવણી મુજબ, દરેક વર્ગના વિદ્યાર્થીને મેદાનની પૂરતી અને સમાન તક મળતી હોય તો વધારાનાં મેદાનનો આગ્રહ રાખવો નહી.<br>- મેદાનની જોગવાઈને ધ્યાને લઈ શાળાનાં આચાર્યશ્રીએ એવી રીતે સમયપત્રક (ટાઈમ ટેબલ) તૈયાર કરવુ કે જેથી દરેક ધોરણના દરેક વર્ગને બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલ રમત ગમતના તાસ માટે પૂરતી તક મળી રહે. |